ત્વરિત જાહેરાત માટે

# સીટીના વર્ષ 2019 નાં બજેટને ટોચના ઍવૉર્ડ સાથે માન્યતા મળી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 6, 2019) – સીટી ઓફ઼ બ્રેમ્પટનના મંજૂર કરાયેલા સંચાલન અને મૂડી અંદાજપત્ર 2019 ને ગવર્મેન્ટ ફાઇનાન્સ ઓફિસર્સ એસોસિએશન ઓફ઼ ધી યુનાઈટેડ સ્ટેટ્સ એન્ડ કેનેડા (GFOA) પાસેથી પ્રતિષ્ઠિત બજેટ પ્રેઝન્ટેશન ઍવૉર્ડ મળ્યો છે.

આ પ્રતિષ્ઠિત બજેટ પ્રેઝન્ટેશન ઍવૉર્ડ એ સરકારી અંદાજપત્રો બનાવવામાં GFOA ની ઉચ્ચતમ સ્તરીય ઓળખ છે. આ સતત ચોથું વર્ષ છે કે જ્યારે સીટી દ્વારા ઍવૉર્ડ મેળવવા અરજી કરવામાં આવી હોય અને સીટીને ઍવૉર્ડ મળ્યો હોય. તે નાણાકીય પારદર્શકતા અને સુશાસનમાં નોંધપાત્ર ઉપલબ્ધિને પ્રતિબિંબિત કરે છે.

સીટીએ આ ઓળખ મેળવવાના હેતુસર અસરકારક અંદાજપત્ર પ્રસ્તુતિ માટે રાષ્ટ્રીય સ્તરે માન્ય માર્ગરેખાઓને સંતોષી હતી. એક અંદાજપત્રનું આયોજન એક પોલિસી દસ્તાવેજ, નાણાકીય આયોજન, સંચાલન માર્ગદર્શિકા અને સંચાર વ્યવસ્થા તરીકે કેટલું સારી રીતે થાય છે તેને આ ઍવૉર્ડની માર્ગરેખાઓ મૂલવે છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"શહેરના અંદાજપત્રનું આયોજન કરવું એ સહયોગ કેળવવાનો પ્રયત્ન બની રહે છે, જેમાં તમામ હિતધારકોને માહિતગાર, પ્રવૃત્ત અને પારદર્શક રાખવાનું સામેલ છે. અમારે આ શહેર માટે લગભગ 20 વર્ષોમાં પહેલી વાર, વર્ષ 2019-2021 નાં અંદાજપત્ર માટે શૂન્ય ટકાનો સરેરાશ કર વધારવા અંદાજપત્રનો આકાર ઘડવામાં અમને મદદરૂપ થયેલા આપણાં રહેવાસીઓ અને અન્ય હિતધારકોને ઍવૉર્ડ આપવાનું બાકી રહે છે."

- *મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown)*

"અમને કદર છે કે આ ઍવૉર્ડ શહેરની નાણાકીય ઉત્કૃષ્ટતા પ્રત્યેની કટિબદ્ધતામાં વિશ્વાસનો મત દર્શાવે છે. અમારી નાણાકીય અહેવાલકરણ ફરજો પૂરી કરવાની સાથે સાથે, અમે એક સરળ, ખુલ્લી અને જવાબદાર અંદાજપત્ર પ્રક્રિયા બનાવવા પ્રયત્નશીલ રહીએ છીએ. અમે અમારા 2020 નાં અંદાજપત્રની ચર્ચાઓના વચગાળામાં હોવાથી, અમે સારી રીતે ચલાવાતું શહેર બનવા સંચાલનલક્ષી કાર્યક્ષમતાઓ હાસલ કરવાનું ચાલુ રાખવા દૃઢ નિશ્ચિત છીએ."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

media release

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca